તા. ૧૫.૦૯.૨૦૨૪
દિવ્ય ભાસ્કર (ગાંધીનગર), પાના નં.૦૨

# પીએમ મોદી આજે ગાંધીનગર આવશે, તંત્ર ખડેપગે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછી પ્રથમવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ ગાંધીનગરમાં બે દિવસ રાત્રિ રોકાણ કરશે. તેઓ રવિવારે અમદાવાદ એરપોર્ટથી હેલિકોપ્ટર મારફતે સીધા વડસર પહોંચશે અને વડસરનો કાર્યક્રમ પતાવી ગાંધીનગર સચિવાલય હેલિપેડ પર આવશે અને ત્યાંથી રાજભવન જશે. સોમવારે સવારે મહાત્મા મંદિર ખાતે રીન્યુએબલ એનર્જીની ગ્લોબલ ઈવેન્ટમાં હાજરી આપશે. આ દરમિયાન વાવોલ ખાતે સોલાર રૂફટોપ યોજનાના લાભાર્થીના નિવાસસ્થાનની મુલાકાત પણ લે તેવી શક્યતા છે. બપોરે 1.30 કલાકે સેક્ટર-1 મેટ્રો સ્ટેશનથી મોદી અમદાવાદથી ગાંધીનગર સુધીના મેટ્રો રેલ રૂટનું લોકાર્પણ કરશે. તેઓ મેટ્રોમાં ગિફ્ટ સિટી સુધીની રાઈડ પણ કરશે. મોદીની મુલાકાતના પગલે જિલ્લાનું વહીવટી તંત્ર ખડેપગે છે.